सत्यमेव जयते

| | | |
|---|---|---|
| GJRJ070014522024 | ફરિયાદ રજૂ થયા તારીખ | ૦૫/૦૮/૨૦૨૪ |
| | ફરિયાદ દાખલ તારીખ | ૦૫/૦૮/૨૦૨૪ |
| | ફરિયાદ નિકાલ થયા તારીખ | ૦૮/૦૬/૨૦૨૬ |
| | અવધિ | વર્ષ માસ દિવસ<br>૦૧ ૧૦ ૦૩ |

**મહે.ઉપલેટાના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં,**

**જિ.રાજકોટ.**

**ફોજદારી કેસ નં.૧૧૧૫/૨૦૨૪.**

**આંકઃ-૬૭**

| | |
|---|---|
| **ગુનાની કલમ** | બી.એન.એસ.ની કલમ-૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એક્ટ કલમ-૧૩૫ મુજબ. |
| **પ્રથમ માહિતી અહેવાલ નંબર** | ઉપલેટા પોલીસ સ્ટેશન,પાર્ટ-એ ગુના રજિસ્ટર નં.૦૫૦૧/૨૦૨૪. |
| **પોલીસ સ્ટેશન** | ઉપલેટા પોલીસ સ્ટેશન. |
| **ફરિયાદી** | સરકારશ્રી. |
| **ફરીયાદ તર્ફે** | વિદ્વાન એ.પી.પી.શ્રી જે.એમ.ટાંક. |
| **આરોપીપક્ષ** | (૧) મોહનભાઇ મુળુભાઇ મકવાણા<br>(૨) નિશાબેન વા/ઓ મોહનભાઇ મકવાણા<br>(૩) રેખાબેન વા/ઓ કાનાભાઇ મકવાણા<br>(૪) કાનાભાઇ જેઠાભાઇ મકવાણા<br>(૫) સંજયભાઇ જેઠાભાઇ મકવાણા<br>બધા રહે.મચ્છી માર્કેટ પાસે, ઉપલેટા. |
| **આરોપી તર્ફે** | વિદ્વાન વકીલશ્રી પી.જી.મેઘાણી. |

## ફોર્મ–બી

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૦૮/૦૭/૨૦૨૪ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૨૦/૦૭/૨૦૨૪ |
| આખરી અહેવાલની તારીખ(ચાર્જશીટ) | ૦૫/૦૮/૨૦૨૪ |
| તહોમતનામાની તારીખ | ૨૨/૧૦/૨૦૨૪ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૨૦/૧૧/૨૦૨૪ |
| ચુકાદા પર મુક્યા તારીખ | ૦૮/૦૬/૨૦૨૬ |
| ચુકાદો જાહેર કર્યાની તારીખ. | ૦૮/૦૬/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ(લાગુ પડે તો) | – |

## //આરોપીની વિગત//

| અનુ. નં. | આરોપીના નામ | ધરપકડની તારીખ | જામીન મુક્તિ તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા/ સજા કરી | કરવા માં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાય નો સમયગાળો ફો.કા.સંહિતાની કલમ–૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | મોહનભાઈ મુળુભાઈ મકવાણા | નોટીસ આપેલ | – | બી.એન.એસ.ની કલમ–૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબ. | શંકાનો લાભ આપી છોડ્યા | – | - |
| ૨ | નિશાબેન વા/ઓ | નોટીસ આપેલ | – | બી.એન.એસ.ની કલમ– | શંકાનો લાભ | – | - |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | મોહનભાઇ મકવાણા | | | ૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબ. | આપી છોડ્યા | | |
| ૩ | રેખાબેન વા/ઓ કાનાભાઇ મકવાણા | નોટીસ આપેલ | – | બી.એન.એસ.ની કલમ–૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબ. | શંકાનો લાભ આપી છોડ્યા | – | - |
| ૪ | કાનાભાઇ જેઠાભાઇ મકવાણા | નોટીસ આપેલ | – | બી.એન.એસ.ની કલમ–૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબ. | શંકાનો લાભ આપી છોડ્યા | – | - |
| ૫ | સંજયભાઇ જેઠાભાઇ મકવાણા | નોટીસ આપેલ | – | બી.એન.એસ.ની કલમ–૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબ. | શંકાનો લાભ આપી છોડ્યા | – | - |

## <u>ફરિયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષીની યાદી</u>

### <u>એ. ફરિયાદપક્ષઃ–</u>

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| **ફ.સ.૦૧.** | જયાબેન વા/ઓ ધીરૂભાઇ ચુડાસમા | ફરિયાદી |
| **ફ.સ.૦૨.** | હારૂનભાઇ હબીભાઇ સમા | સ્થા.પંચ |
| **ફ.સ.૦૩.** | વિશાલભાઇ ભીખાલાલ મુરીચાણી | સ્થા.પંચ |
| **ફ.સ.૦૪.** | હબીબભાઇ દિનમામદભાઇ સંઘવાણી | હથીયાર કબજે પંચ |
| **ફ.સ.૦૫.** | અતુલભાઇ કમાભાઇ મકવાણા | હથીયાર કબજે પંચ |
| **ફ.સ.૦૬.** | રાકેશભાઇ ધીરૂભાઇ ચુડાસમા | સાહેદ |
| **ફ.સ.૦૭.** | મેહુલભાઇ ધીરૂભાઇ ચુડાસમા | સાહેદ |
| **ફ.સ.૦૮.** | ધીરૂભાઇ છગનભાઇ ચુડાસમા | સાહેદ |
| **ફ.સ.૦૯.** | સમીરભાઇ હબીબભાઇ શેખ | સાહેદ |
| **ફ.સ.૧૦.** | ભુપતભાઇ મુળજીભાઇ મકવાણા | સાહેદ |
| **ફ.સ.૧૧.** | એમ.એ. વાળા સાહેબ મેડીકલ ઓફીસર | સાહેદ |
| **ફ.સ.૧૨.** | મહે.જિલ્લા મેજી. સાહેબના જા.નામાં નં.જે/એમએજી/ક.૩૭(૧)જા.નામુ/મે–૨૪/ફા.નં.૩૨/૨૦૨૩, તા. ૨૭/૦૬/૨૦૨૪ ના પ્રસિદ્ધ કરેલ જાહેરનામા સાથે | સાહેદ |
| **ફ.સ.૧૩** | પ્રતિપાલસિંહ જીલુભા રાણા | દા.ક.અ. |
| **ફ.સ.૧૪** | એસ.પી.ભટ્ટ | ત.ક.અ. |

### <u>બી. બચાવપક્ષઃ–</u>

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| – | – | – |

### સી. કોર્ટ વિટનેશઃ–

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|

| | | |
|---|---|---|
| – | – | – |

## ફોર્મ –સી.

## ફરિયાદપક્ષ/બચાવપક્ષ/ન્યાયાલયના આંકની યાદી

**એ. ફરિયાદપક્ષઃ–**

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| **૦૧** | ૧૫ | પંચ સાહેદ હબીબ દિનમામદ સંઘવાણીની જુબાની |
| **૦૨** | ૧૬ | હથીયાર કબજે કર્યાનુ પંચનામુ |
| **૦૩** | ૧૭ | ફરિયાદી જયાબેન ધીરૂભાઇ ચુડાસમાની જુબાની |
| **૦૪** | ૧૮ | ફરિયાદ |
| **૦૫** | ૧૯ | સાહેદ ધીરૂભાઇ છગનભાઇ ચુડાસમાની જુબાની |
| **૦૬** | ૨૮ | પંચ સાહેદ વિશાલભાઇ ભીખાભાઇ બાવાજીની જુબાની |
| **૦૭** | ૨૯ | સ્થા.જગ્યાનુ પંચનામુ |
| **૦૮** | ૩૦ | સાહેદ રાકેશભાઇ ધીરૂભાઇ ચુડાસમાની જુબાની |
| **૦૯** | ૩૧ | સાહેદ મેહુલભાઇ ધીરૂભાઇ ચુડાસમાની જુબાની |
| **૧૦** | ૩૨ | પંચ સાહેદ અતુલ કમા મકવાણાની જુબાની |
| **૧૧** | ૩૯ | પંચ સાહેદ હારૂનભાઇ હબીબભાઇ સમાની જુબાની |
| **૧૨** | ૪૦ | સાહેદ સમીરભાઇ હબીબભાઇ શેખની જુબાની |
| **૧૩** | ૪૧ | સાહેદ ભુપતભાઇ મુળજીભાઇ મકવાણાની જુબાની |
| **૧૪** | ૪૨ | સાહેદ પ્રતિપાલસિંહ જીલુભા રાણાની જુબાની |
| **૧૫** | ૪૩ | ડેપ્યુટ હુકમ |
| **૧૬** | ૪૪ | ગુનો રજી. રિપોર્ટ |
| **૧૭** | ૪૬ | ત.ક.અ. સંજયકુમાર પ્રહલાદભાઇ ભટ્ટની જુબાની |
| **૧૮** | ૫૧ | સાહેદ ડો.મહેન્દ્રભાઇ અમૃતલાલ વાળાની જુબાની |
| **૧૯** | ૫૨ | ફરિયાદી જયાબેનનુ સારવાર સર્ટીફીકેટ |
| **૨૦** | ૫૯ | સાહેદ ડો.રિનાબેન મયુરેશકુમાર પારીકની જુબાની |
| **૨૧** | ૬૦ | ફરિયાદી જયાબેનનું ફેરબદલી ફોર્મ |
| **૨૨** | ૬૧ | ફરિયાદી જયાબેનનુ કેસ રજી. ફોર્મ |
| **૨૩** | ૬૨ | ફરિયાદી જયાબેનનુ એમ.એલ.સી. સર્ટી. |
| **૨૪** | ૬૩ | સાહેદ ડો.કમુબેન ડાયાલાલ સાગઠીયાની જુબાની |
| **૨૫** | ૬૪ | ફરિયાદી જયાબેનનુ સારવાર સર્ટી. |

બી. બચાવપક્ષનો પુરાવોઃ-

| સાહેદ નં. | સાહેદોનુ નામ | વિગત | આંક |
|---|---|---|---|
| - | - | - | - |

સી. કોર્ટ સાહેદ જો કોઇ હોય તોઃ-

| સાહેદ નં. | સાહેદોનુ નામ | વિગત | આંક |
|---|---|---|---|
| - | - | - | - |

ડી. મુદ્દામાલ ની વિગતોઃ-

| ક્રમ નં. | આર્ટીકલ/પાવતી નં. | મુદ્દામાલની વિગત(વર્ણન) |
|---|---|---|
| ૧. | મુ.પા.નં.૧૪૦/૨૪ તા.૨૧/૦૭/૨૪ | ૧) એક લોખંડની પાઇપ જેની લંબાઇ આશરે ત્રણ ફુટ જેટલી છે તે |

## : : ચુ કા દો : :

(૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા.૦૮/૦૭/૨૦૨૪ ના રોજ કલાક ૧૬.૦૦ વાગ્યાના અરસામાં મોજે ઉપલેટા મચ્છી માર્કેટ જાહેર શેરીમાં આ કામના ફરિયાદી ઓછા રૂપિયામાં મચ્છી વેચતા હોય ત્યારે આ કામના આરોપી નં.૧ નાએ કહેલ કે, તમે કેમ ઓછા રૂપિયામાં મચ્ચી વેચો છો તેમ કહી એકદમ ઉશ્કેરાઇ જઇ ફરિયાદી સાથે બોલાચાલી કરી અને ફરિયાદીને માથાના ભાગે લોખંડના પાઇપ વડે માર મારી સાત-આઠ ટાંકા આવે તેવી ઇજા કરી તથા આરોપી નં.૨ નાએ ફરિયાદીને ઢિકાપાટુનો માર મારી શરીરે સામાન્ય મુંઢ ઇજા કરી ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી, ગુનો કરેલ હોય, તે મુજબની ફરિયાદ ફરિયાદીએ ઉપલેટા પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુના રજિસ્ટર નં.૦૫૦૧/૨૦૨૪ થી નોંધાવેલ હોય, આરોપીએ બી.એન.એસ.ની કલમ-૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એક્ટની કલમ-૧૩૫ મુજબનો ગુનો કરેલ હોય, તે સંબંધે પોલીસ તપાસ

અધિકારીએ તપાસ કરી, લાગતા-વળગતા સાહેદોના નિવેદનો નોંધી આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો જણાતાં અત્રેની કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરેલું છે.

(૨) ત્યારબાદ અત્રેની અદાલત દ્વારા આરોપીને હાજર થવા માટે બી.એન.એસ.એસ.ની કલમ-૨૨૭ અન્વયે સમન્સ કાઢતાં, જે સમન્સ આરોપીઓને બજી જતાં, તેઓ અત્રેની અદાલતમાં હાજર થતાં, બી.એન.એસ.એસ.ની કલમ-૨૩૦ મુજબ તેઓને તપાસના કાગળોની નકલો વિના મુલ્યે આપવામાં આવેલી. ત્યારબાદ આંક-૬ થી આરોપીઓ વિરુદ્ધ તહોમતનામુ ફરમાવવામાં આવેલ. ત્યારબાદ આંક-૭ થી આંક-૧૧ સુધી આરોપીઓની સદર ગુના સબબની પ્લી નોંધવામાં આવેલ. જેમાં આરોપીઓએ ગુનાનો ઈનકાર કરેલ છે અને ન્યાયિક કાર્યવાહીની માંગણી કરેલ છે. ત્યારબાદ ફરિયાદપક્ષનો પુરાવો રજૂ કરવામાં આવેલ છે.

(૩) ત્યારબાદ આરોપીઓનું બી.એન.એસ.એસ.ની કલમ-૩૫૧ અન્વયેનું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો જણાતો હોવાથી આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં તેઓને બચાવ સાહેદો તપાસવા નથી કે સોગંદ ઉપર જુબાની આપવી નથી તેમ જણાવેલ છે. તેમજ તેઓ વિશેષમાં જણાવે છે કે, તેઓ નિર્દોષ છે, ફરિયાદીએ ધંધાકીય ખાર રાખીને ધંધાના ખારના લીધે તેઓ વિરૂદ્ધ કોઈ બનાવ બનેલ ન હોવા છતાં પણ ખોટી ફરિયાદ આપેલ છે અને તેઓનો ધંધો બંધ કરાવી દેવા તથા હેરાન પરેશાન કરવા ખોટી ફરિયાદ આપેલ છે, તેઓ તદન નિર્દોષ છે, જેથી તેઓને નિર્દોષ છોડી મુકવા અરજ કરેલ છે.

(૪) ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે વિદ્વાન એ.પી.પી.શ્રીએ મૌખિક દલીલ કરી એવી રજુઆત કરેલ છે કે, ફરિયાદપક્ષે આરોપી સામે કેસ પુરવાર કરેલ છે તેમજ હાલના કામે તપાસવામાં આવેલ મેડીકલ ઓફીસર એક્ષપર્ટ વિટનેશ છે અને ફરિયાદીએ પોતાની જુબાની જે જગ્યાએ સારવાર લીધેલ હતી તે અંગેની હકીકત જણાવેલ છે. આમ,

ફરિયાદપક્ષે આરોપી સામેનો કેસ નિ:શંકપણે સાબીત કરેલ છે જેથી આરોપીઓને મહત્તમ સજા કરવા અરજ કરેલ છે.

(૪.૧) ત્યાર બાદ આરોપીપક્ષ તરફે વિદ્વાન વકીલશ્રીએ મૌખિક દલીલો કરતા જણાવેલ છે કે, સદર કામે ત.ક.અમલદારની જુબાની પરથી ફરિયાદી સિવિલ હોસ્પીટલ સિવાય અન્ય કોઈ જગ્યાએ સારવાર લીધેલ તેવી કોઈ હકીકત ખુલેલ નથી. તેમજ ત.ક.અમલદારની જુબાની થયા બાદ ફરિયાદપક્ષ તરફે ડોકટર સાહેદને તપાસવામાં આવેલ છે. સદર કામે આંક–૬૩ થી રજુ ડોકટર કમુબેનની જુબાની ધ્યાને લેતાં, ફરિયાદીને પથરીની તકલીફ થયાની હકીકતનો સ્વીકાર કરેલ છે અને કોઈ પણ વ્યકિતને પથરીની તકલીફ હોય તો ઉલ્ટી ઉબકાની ફરિયાદ કરી શકે છે તેવી હકીકત જણાવેલ છે. તેમજ આંક–૫૧ થી રજુ મેડીકલ ઓફીસરની જુબાની ધ્યાને લેતાં, દર્દીને અન્ય કોઈ હોસ્પીટલમાં રિફર કરવા પડે તેવા કોઈ સંજોગો ન હોવાની હકીકત જણાવેલ છે. વધુમાં, મેડીકલ ઓફીસરની જુબાની ધ્યાને લેતાં, તેઓએ એ હકીકતનો પણ સ્વીકારે કરેલ છે કે, ફરિયાદીને કોઈ રિફર નોટ વિના સારવાર આપેલ છે. આમ, ફરિયાદી તરફે પાછળથી પુરાવા ઉભા કરવાના હેતુથી સારવાર લેવામાં આવેલ હોવાનુ જણાય આવે છે. તેમજ પક્ષકારો વચ્ચે હાલના બનાવ અગાઉથી મનદુઃખ ચાલતી હોવાની હકીકત રેકર્ડ પર આવેલ છે. તે સંજોગોમાં ધંધાકીય વેર વાળવા હાલની મોડી ફરિયાદ આપેલ હોવાનુ જણાય આવે છે. આમ, ફરિયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોય આરોપીઓને નિર્દોષ છોડી મુકવા અરજ કરેલ છે.

(૫) સદરહુ કેસના આખરી નિર્ણય સારૂં અત્રેની અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુદ્દા નં.૧** શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૦૮/૦૭/૨૦૨૪ ના રોજ કલાક ૧૬.૦૦ વાગ્યાના અરસામાં મોજે ઉપલેટા મચ્છી માર્કેટ

જાહેર શેરીમાં આ કામના ફરિયાદી ઓછા રૂપિયામાં મચ્છી વેચતા હોય ત્યારે આ કામના આરોપી નં.૧ નાએ કહેલ કે, તમે કેમ ઓછા રૂપિયામાં મચ્ચી વેચો છો તેમ કહી એકદમ ઉશ્કેરાઇ જઇ ફરિયાદી સાથે બોલાચાલી કરી અને ફરિયાદીને માથાના ભાગે લોખંડના પાઇપ વડે માર મારી સાત–આઠ ટાંકા આવે તેવી ઈજા કરી તથા આરોપી નં.૨ નાએ ફરિયાદીને ઢિકાપાટુનો માર મારી શરીરે સામાન્ય મુંઢ ઈજા કરી ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી, **બી.એન.એસ.ની કલમ–૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?**

**મુદ્દા નં.૨ શું આખરી હુકમ?**

(૫.૧) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**મુદ્દા નં.૧** નકારમાં.

**મુદ્દા નં.૨** આખરી હુકમ મુજબ.

(૬) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયોના કારણો નીચે મુજબ છે.

//કારણો//

**મુદ્દા નં.૧,૨, ૩:–**

આરોપી વિરુદ્ધ બી.એન.એસ.ની કલમ–૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાને પાત્ર ગુનાનું તહોમત છે, તેવા સમયે આરોપી વિરુદ્ધનું તહોમત વાજબી શંકાથી પર સાબિત કરવાનો બોજો ફરિયાદપક્ષના શિરે છે.

(૭) આ અનુસંધાને રેકર્ડ પરનો પુરાવો જોતાં, આ કામે ફરિયાદપક્ષ તરફથી આંક–૧૫ થી પંચ સાહેદ હબીબ દિનમામદ સંઘવાણીને તથા આંક–૩૨ થી પંચ સાહેદ અતુલ કમા મકવાણાને સોગંદ પર

તપાસવામાં આવેલ છે. સદરહુ પંચ સાહેદો પોતાની જુબાનીમાં જણાવે છે કે, પોલીસે તેઓની તૈયાર કાગળમાં સહી કરાવેલ સહી સિવાય તેઓ કાંઈ જાણતા ન હોવાની હકીકત જણાવી પંચનામામાં તેમની સહી ઓળખી બતાવી પંચનામુ આંક-૧૬ થી રજૂ કરેલ છે. આમ, સદર પંચનામાના પંચ સાહેદો પંચનામાની હકીકતને સમર્થન કરતા નથી.

(૮) ત્યાર બાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી આંક-૨૮ થી પંચ સાહેદ વિશાલભાઈ ભીખાભાઈ બાવાજીને તથા આંક-૩૯ થી પંચ સાહેદ હારૂનભાઈ હબીબભાઈ સમાને સોગંદ પર તપાસવામાં આવેલ છે. સદરહુ પંચ સાહેદો પોતાની જુબાનીમાં જણાવે છે કે, પોલીસે તેઓની તૈયાર કાગળમાં સહી કરાવેલ સહી સિવાય તેઓ કાંઈ જાણતા ન હોવાની હકીકત જણાવી પંચનામામાં તેમની સહી ઓળખી બતાવી પંચનામુ આંક-૨૯ થી રજૂ કરેલ છે. આમ, સ્થા.જગ્યાના પંચનામાના પંચ સાહેદો પંચનામાની હકીકતને સમર્થન કરતા નથી.

(૯) **આ કામે ફરિયાદપક્ષ તરફથી આંક-૧૭ ફરિયાદી જયાબેન ધીરૂભાઈ ચુડાસમાને સોગંદ પર તપાસવામાં આવેલ છે. તેઓએ તેઓની સરતપાસમાં જણાવેલ છે કે,** આ બનાવ ચાર મહિના પહેલા બનેલો, બનાવના દિવસે મચ્છીપીઠ ઉપલેટા મુકામે તેઓ મચ્છી વેચતા હતા, તે દરમ્યાન મોહન મુળુની ઘરવાળી નિશાબેન તેઓની પાસે આવેલ અને તેઓને કહેલ કે તમે આ ભાવમાં મચ્છી વેચો નહી, તે ૧૫૦ રૂપિયામાં વેચતી હતી તેઓ ૧૦૦ રૂપિયામાં વેચતા હતા અને તેણીએ તેના ઘરવાળા મોહન મુળુને બોલાવેલ અને તેણીના ઘરવાળા મોહનભાઈને તેઓએ કહેલ કે તમારી ઘરવાળીને સમજાવો તો તેમને કહેલ કે તને અહિંથી કાઢી મુકવી છે અને મોહનભાઈ મુળુભાઈએ તેઓને લોઢાનો પાઈપ બરફ ભાંગવાનો માથામાં મારી દીધેલ અને તેઓ પડી ગયેલ અને આ બનાવમાં મોહન મુળુ, નિશા મોહન, સંજય જેઠા, કાના જેઠા, રેખા કાના આ લોકોએ તેઓને ઢિકાપાટુનો માર મારેલ અને તેઓને ઈજા થવાથી તેઓ બેભાન થઈ ગયેલ અને ભાનમાં આવેલ ત્યારે ઉપલેટા સરકારી દવાખાને હતા. આ બનાવમાં

તેઓને માથામાં ઈજા થવાથી લોહી નીકળેલુ અને ૧૨ ટાંકા આવેલા તેમજ શરીરે મુંઢ ઈજાઓ થયેલી, આ બનાવની તેઓએ ફરિયાદ આપેલી. જે ફરિયાદમાં પોતાના અંગુઠાનુ નિશાન ઓળખી બતાવી ફરિયાદ આંક-૧૮ થી રજુ કરેલ છે. તેમજ ફરિયાદીને જે હથીયારથી માર મારવામાં આવે તે હથીયાર તેઓને બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે. સાહેદને એન.વી.આર.નં.૭/૨૦૨૪ મુ.પા.નં. ૧૪૪/૨૦૨૪ નો આર્ટીકલ નં. ૧ લોખંડનો પાઇપ બતાવવામાં આવે છે જે જોઈને સાહેદ જણાવે છે કે આ પાઈપ તો ફોરો છે પહેલો પાઇપ તો વજનદાર હતો, આ પાઈપ નથી. જે તેઓ કહે છે તે પાઇપ મોહનભાઈ મુળુભાઇના હાથમાં હતો.

(૯.૧) **આરોપી તરફેની ઊલટતપાસમાં તેઓ એ હકીકત જણાવે છે કે,** તેઓ છેલ્લા દસ પંદર વર્ષથી મચ્છી વેચવાનો ધંધો કરે છે. તેઓ છેલ્લા દસ પંદર વર્ષથી ઉપલેટા મચ્છી પીઠમાં મચ્છી વેચવાનો ધંધો કરે છે. તેઓ આ ધંધો કાયમી કરે છે. તેઓ જે જગ્યાએ બેસીને ધંધો કરે છે તે તેઓની માલિકીની નથી. તેઓ રોડ ઉપર બેસીને ધંધો કરૂ છે. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, તેઓએ જે સરતપાસ ચાર મહિના પહેલા બનાવ બનેલ હકીકત લખાવેલ છે તે જ દિવસે તેઓએ પો.સ્ટે. ફરિયાદ આપેલી. સાહેદ જણાવે છે કે, તેઓને ઉપલેટા દવાખાનેથી જુનાગઢ મોકલેલ અને ત્યાથી રાજકોટ મોકલેલ હતા. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, તેઓને અને મોહનભાઇના કુટુંબને વર્ષોથી નાની નાની બાબતોમાં તકરાર ચાલી આવે છે. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, બનાવ સમયે ઘણા બધા માણસો ભેગા થઈ ગયા હતા. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, ઉપલેટા દવાખાને લઇ ગયેલા ત્યારે તેઓ બેભાન અવસ્થામાં હતા. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, તેઓને ઉપલેટાથી જુનાગઢ અને જુનાગઢથી રાજકોટ દવાખાને લઇ ગયેલા ત્યાર બાદ તેઓ ભાનમાં આવેલ હતા. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, આ સમયગાળા દરમ્યાન તેઓની પાસે કોઇ પોલીસ તેઓનો જવાબ લખવા આવેલ ન હતી. તેઓ જણાવે છે કે, તેઓ આ બનાવની ફરિયાદ કરવા પો.સ્ટે. ૧૦ દિવસ બાદ ગયેલ. તેઓને હાલ

તારીખ યાદ નથી. સાહેદ જણાવે છે કે, તેઓ ફરિ પો.સ્ટે. ગયેલ નથી. અન્ય હકીકતોનો ફરિયાદીએ ઈનકાર કરેલ છે.

(૯.૨) આમ, ફરિયાદીની સરતપાસ ધ્યાને લેતાં, તેઓએ ફરિયાદ મુજબની હકીકતો જણાવેલ છે, તથા તેઓએ એમ પણ જણાવેલ છે કે, મોહનભાઇએ તેઓને લોઢાનો પાઇપ બરફ ભાંગવાનો માથામાં મારી દીધેલ અને આ બનાવમાં તેઓને માથામાં ઈજા થવાથી લોહી નીકળેલુ અને ૧૨ ટાકા આવેલા. આમ, ફરીયાદીની જુબાની ધ્યાને લેતા ફરીયાદીને હાલના બનાવમા ઈજા થયેલ હોવાની હકીકત જણાવેલ છે તેમજ બનાવ સમયે ઘણાબધા લોકો ભેગા થઈ ગયેલ હોવાની હકીકતનો પણ સ્વીકાર કરેલ છે.

(૧૦) ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી આંક–૧૯ થી સાહેદ ધીરૂભાઈ છગનભાઈ ચુડાસમાને સોગંદ પર તપાસવામાં આવેલ છે. તેઓએ તેઓની સરતપાસમાં જણાવેલ છે કે, બનાવના દિવસે તેઓ અને તેઓનો દિકરો રાકેશ અને મેહુલ તેમ બધા મજુરી કામે ગયા હતા અને બપોર પછી વાતોવાતોથી તેઓને જાણવા મળેલ કે તેઓની પત્ની જયાને મારી દીધેલ છે, આ બનાવ મચ્છી માર્કેટે બનેલો. બનાવમાં મોહને તેઓની પત્નીને માથામાં પાઇપ મારેલ અને નવ ટાંકા આવેલા અને તેઓની પત્નીને કોઇ અજાણ્યા માણસો સરકારી દવાખાને સારવારમાં લઈ ગયેલા એવુ જાણવા મળતા તેઓ અને તેમના બન્ને દિકરા સરકારી હોસ્પીટલે ગયેલા ત્યા તેઓની પત્નીની સારવાર ચાલુ હતી. તેઓએ ત્યાં તેઓની પત્નીને આ બાબતે પુછતા તેઓની પત્નીએ જણાવેલ કે મચ્છી માર્કેટે બીજા લોકો મચ્છી લેવા આવેલા એ વાત વાતમાંથી મોહન અને તેણી ઘરવાળી ગાળો બોલવા લાગેલા અને મોહને પાઇપ મારી દીધેલો તેવુ તેઓની પત્નીએ તેમને જણાવેલું. આ કામની તેઓના પત્નીએ ફરિયાદ કરેલી.

(૧૦.૧) આરોપી તરફેની ઊલટતપાસમાં તેઓ એ હકીકત સ્વીકારે છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, બનાવની જાણ તેઓને વાતોવાતથી થયેલી. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, આ વાત વાતોવાતથી કોના મારફત થયેલી તેની તેઓને ખબર

નથી. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, બનાવ સમયે તેઓ હાજર ન હોય જેથી બનાવ કેવી રીતે બનેલો તે તેઓ ના કહી શકે. અન્ય હકીકતોનો સાહેદે ઈન્કાર કરેલ છે.

(૧૦.૨) આમ, સદર સાહેદની સરતપાસ ધ્યાને લેતાં, તેઓને બનાવ અંગેની જાણ વાતોવાતોથી થયેલ હોવાની હકીકત જણાવેલ છે. તેમજ સદર સાહેદની આરોપીપક્ષ તરફેની ઉલટ તપાસ ધ્યાને લેતાં, તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, બનાવની જાણ તેઓને વાતોવાતથી થયેલી, આ વાત વાતોવાતથી કોના મારફત થયેલી તેની તેઓને ખબર નથી, બનાવ સમયે તેઓ હાજર ન હોય જેથી બનાવ કેવી રીતે બનેલો તે તેઓ ના કહી શકે. આમ, ઉપરોકત સાહેદની જુબાની ધ્યાને લેતાં, સદર સાહેદ બનાવ નજરે જોનાર સાહેદ ન હોય, ફરિયાદીને આ કામના આરોપી નં.૧ નાએ જ પાઈપ મારેલ હોય તથા આ કામના અન્ય આરોપીઓ પણ બનાવ સમયે બનાવ સ્થળ પર હાજર હોય તેવી કોઈ સ્પષ્ટ હકીકત રેકર્ડ પર આવતી નથી. જેથી સદર સાહેદની જુબાનીથી ફરિયાદપક્ષનો કેસ પુરવાર થતો નથી.

(૧૧) ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી આંક–૩૦ થી સાહેદ રાકેશભાઈ ધીરૂભાઈ ચુડાસમાને તથા આંક–૩૧ થી સાહેદ મેહુલભાઈ ધીરૂભાઈ ચુડાસમાને સોગંદ પર તપાસવામાં આવેલ છે. તેઓએ તેઓની સરતપાસમાં જણાવેલ છે કે, બનાવના દિવસે તેઓ અને તેમના પિતા તથા તેઓના ભાઈ તેમ બધા મજુરી કામે ગયા હતા અને બપોર પછી વાતોવાતોથી તેઓને જાણવા મળેલ કે તેઓની બા જયાબેનને મારી દીધેલ છે, આ બનાવ મચ્છી માર્કેટે બનેલો, બનાવમાં મોહને તેઓની બાને માથામાં પાઈપ મારેલ અને નવ ટાંકા આવેલા અને તેઓની બાને કોઈ અજાણ્યા માણસો સરકારી દવાખાને સારવારમાં લઈ ગયેલા એવુ જાણવા મળતા તેઓ અને તેઓના ભાઈ અને તેઓના પિતા સરકારી હોસ્પીટલે ગયેલા ત્યા તેઓની બાની સારવાર ચાલુ હતી. તેઓએ ત્યા તેઓની બાને આ બાબતે પુછતા તેઓની બાએ જણાવેલ કે મચ્છી માર્કેટે બીજા લોકો મચ્છી લેવા

આવેલા એ વાત વાતમાંથી મોહન અને તેણી ઘરવાળી ગાળો બોલવા લાગેલા અને મોહને પાઇપ મારી દીધેલો તેવુ તેઓની બાએ તેમને જણાવેલું. આ કામની તેઓના બાએ ફરિયાદ કરેલી.

(૧૧.૧) આરોપી તરફેની ઊલટતપાસમાં તેઓ એ હકીકત સ્વીકારે છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, બનાવની જાણ તેઓને વાતોવાતથી થયેલી. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, આ વાત વાતોવાતથી કોના મારફત થયેલી તેની તેઓને ખબર નથી. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, બનાવ સમયે તેઓ હાજર ન હોય જેથી બનાવ કેવી રીતે બનેલો તે તેઓ ના કહી શકે. અન્ય હકીકતોનો સાહેદે ઈનકાર કરેલ છે.

(૧૧.૨) આમ, સદર સાહેદોની જુબાની ધ્યાને લેતાં, તેઓને બનાવ અંગેની જાણ પાછળથી થયેલ હોવાની હકીકત જણાવેલ છે. તેમજ સદર સાહેદની આરોપીપક્ષ તરફેની ઉલટ તપાસ ધ્યાને લેતાં, તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, બનાવની જાણ તેઓને વાતોવાતથી થયેલી, આ વાત વાતોવાતથી કોના મારફત થયેલી તેની તેઓને ખબર નથી, બનાવ સમયે તેઓ હાજર ન હોય જેથી બનાવ કેવી રીતે બનેલો તે તેઓ ના કહી શકે. આમ, ઉપરોકત સાહેદની જુબાની ધ્યાને લેતાં, સદર સાહેદો બનાવ નજરે જોનાર સાહેદ ન હોય, ફરિયાદીને આ કામના આરોપી નં.૧ નાએ જ પાઇપ મારેલ હોય તથા આ કામના અન્ય આરોપીઓ પણ બનાવ સમયે બનાવ સ્થળ પર હાજર હોય તેવી કોઇ સ્પષ્ટ હકીકત રેકર્ડ પર આવતી નથી. જેથી સદર સાહેદની જુબાનીથી ફરિયાદપક્ષનો કેસ પુરવાર થતો નથી.

(૧૨) ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી આંક–૪૦ થી સાહેદ સમિરભાઇ હબીબભાઇ શેખને સોગંદ પર તપાસવામાં આવેલ છે. તેઓએ તેઓની સરતપાસમાં જણાવેલ છે કે, બનાવ કયારે બનેલ તે તેઓને ખબર નથી, બનાવ સમયે તેઓ હાજર હતા નહી, બનાવ બાબતે પોલીસે તેઓનુ કોઇ નિવેદન લીધેલ નથી, તેઓ બનાવ બાબતે કાંઇ જાણતા નથી.

આમ, ઉપરોક્ત સાહેદે ફરિયાદપક્ષના કેસની હકીકતોને સમર્થનકારક એવી કોઈ હકીકત પોતાની જુબાનીમાં જણાવતા ન હોઈ ફરિયાદપક્ષે ઉપરોક્ત ફરિયાદીને ફરી ગયેલા જાહેર કર્યા બાદ સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલ ઊલટતપાસમાં પણ ઉપરોક્ત સાહેદે ફરિયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન કરેલ નથી.

**(૧૨.૧)** આરોપી તરફેની ઊલટતપાસમાં તેઓ એ હકીકત સ્વીકારે છે કે, કહેવાતા બનાવ અંગે તેઓને કોઇ જાત માહિતી નથી, પોલીસને તેઓએ કોઇ નિવેદન આપેલ નથી.

**(૧૨.૨)** આમ, સદર સાહેદની સરતપાસ ધ્યાને લેતાં,બનાવ કયારે બનેલ તે તેઓને ખબર નથી, બનાવ સમયે તેઓ હાજર હતા નહી, બનાવ બાબતે પોલીસે તેઓનુ કોઇ નિવેદન લીધેલ નથી, તેઓ બનાવ બાબતે કાંઇ જાણતા ન હોવાની હકીકત જણાવેલ છે. આમ, ઉપરોકત સાહેદની જુબાની ધ્યાને લેતાં, સદર સાહેદ બનાવ નજરે જોનાર સાહેદ ન હોય, ફરિયાદીને આ કામના આરોપી નં.૧ નાએ જ પાઇપ મારેલ હોય તથા આ કામના અન્ય આરોપીઓ પણ બનાવ સમયે બનાવ સ્થળ પર હાજર હોય તેવી કોઇ સ્પષ્ટ હકીકત રેકર્ડ પર આવતી નથી. જેથી સદર સાહેદની જુબાનીથી ફરિયાદપક્ષનો કેસ પુરવાર થતો નથી.

**(૧૩)** ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી આંક–૪૧ થી સાહેદ ભુપતભાઇ મુળજીભાઇ મકવાણાને સોગંદ પર તપાસવામાં આવેલ છે. તેઓએ તેઓની સરતપાસમાં જણાવેલ છે કે, બનાવ કઈ તારીખે બનેલ તે તેઓને હાલ યાદ નથી કારણ કે તેઓ અભણ છે, આ બનાવ છ મહિના પહેલા બનેલો. બનાવ તેઓ જોયેલો છે, બનાવ તેઓની હાજરીમા બનેલો છે, બનાવ વખતે તેઓ સ્થળ પર હાજર હતા. બનાવમાં સામે બેઠેલા નિશાબેન સામેના રોડ ઉપરથી આવી તેઓની બેન જયાબેનના માથાના ભાગે ડાબી સાઈડના ભાગે પાઈપથી ઈજા કરેલી, બીજુ કાંઈ બનેલ નહી, તેઓની બહેનને તેઓએ ઓટો રીક્ષા બોલાવી અને ઉપલેટા સરકારી હોસ્પીટલમાં

લયને આવેલા. આ બનાવની ફરીયાદ તેઓના બેને આપેલી. પોલીસે તેઓનુ કોઇ નીવેદન લીધેલ નથી. સાહેદને મુદ્દામાલ હથીયાર બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે. સાહેદને એનવીઆર નં.૭/૨૪ નો મુદ્દામાલ હથીયાર લોખંડનો પાઇપ બતાવવામાં આવે છે જે જોઇને સાહેદ જણાવે છે કે બનાવ વખતે આરોપીના હાથમાં આ પાઇપ ન હતો. આરોપી તેઓના સમાજના હોય તેથી જોયેથી નામથી ઓળખે છે.

આમ, ઉપરોક્ત સાહેદે ફરિયાદપક્ષના કેસની હકીકતોને સમર્થનકારક એવી કોઈ હકીકત પોતાની જુબાનીમાં જણાવતા ન હોઈ ફરિયાદપક્ષે ઉપરોક્ત ફરિયાદીને ફરી ગયેલા જાહેર કર્યા બાદ સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રી દ્બારા કરવામાં આવેલ ઊલટતપાસમાં પણ સદર સાહેદે ફરિયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત જણાવેલ નથી.

(૧૩.૧) આરોપી તરફેની ઊલટતપાસમાં તેઓ જણાવે છે કે, તેઓ મચ્છી વેચવાનો વ્યવસાય કરે છે, તેઓ આશરે ૩૫ થી ૪૦ વર્ષથી મચ્છી વેચવાનો વ્યવસાય કરે છે. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, બનાવ કઇ તારીખે બનેલો તે તેઓ ના કહી શકે. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, બનાવ બનેલો ત્યારે તેઓ તેમના થળા પર બેસીને મચ્છીનુ વેચાણ કરતા હતા. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, તેઓ તેમના થળા ઉપર હતા અને બનાવ બીજી જગ્યાએ બનેલો હતો. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, બનાવ સમયે તેઓના થળા પર ખુબ જ ગ્રાહકો હોય અને ગ્રાહકોના ઓર્ડર મુજબનો માલ કટીંગ કરીને તૈયાર કરતા હતા. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, તેઓનો આ મચ્છી વેચવાનો થળો નીચે જમીન પર બેસીને મચ્છી વેચવાનુ ધંધો કરે છે. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, તેઓના થળા ઉપર જે ગ્રાહક આવે તે તેઓ જમીન ઉપર બેઠા હોય તે તેઓની સામે તેઓના થળા પર ઉભા રહે છે. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, તેઓ તેમના થળા પર જમીન પર બેસીને મચ્છી વેચતા હોય અને તેઓના થળાની આગળ તેઓના ગ્રાહક ઉભા હોય જેથી સામેની સાઇડમાં શુ બનેલ તે તેઓને થળે

બેઠા બેઠા જોઇ શકાય નહી. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, તેઓ જયાબેનને સરકારી હોસ્પીટલે રિક્ષામાં લઇ ગયેલા ત્યારે ડોકટર સાહેબે તેઓને કે જયાબેનને કોઇ હકીકત પુછેલ ન હતી. તેઓ જણાવે છે કે, બનાવ સમયે નિશાબેને કેવા રંગના કપડા પહેર્યા હતા તે તેઓને ખબર નથી. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, આ જયાબેનને તથા મોહનભાઇને મચ્છી વેચવાના ભાવ બાબતે અગાઉથી મનદુખો ચાલ્યા આવે છે. તેઓ જણાવે છે કે, તેઓને કેટલા સમય બાદ પોલીસ નિવેદન લેવા આવેલી તે યાદ નથી. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, તેઓ જયાબેનને રિક્ષામાં દવાખાને લઇ ગયેલ ત્યારે જયાબેન ભાનમાં હતા, જયાબેનને દવાખાને લઇ ગયેલ ત્યારે જયાબેનને તેઓએ તેમના ખભા ઉપર માથુ રાખી સુવડાવેલા હતા. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, તેઓ જયાબેનને ખભા પર સુવડાવીને લઇ ગયેલહતા જેથી તેઓના કપડા પર પણ લોહીનો ડાઘો થઇ ગયેલ હતો. તેઓ જણાવે છે કે, આ લોહીના ડાઘા વાળા કપડા પોલીસે તેઓની પાસેથી માંગેલ નથી કે તેઓએ પોલીસને આપેલ નથી. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, જયાબેનના કપડા પણ લોહી વાળા થઇ ગયેલા. તેઓને એ વાતની ખબર ન હોવાનુ જણાવે છે કે, તેઓની હાજરીમાં જયાબેનના લોહીવાળા કપડા પોલીસે માંગેલ હોય અને જયાબેને આપેલ છે કે કેમ એ તેઓને ખબર નથી.

**(૧૩.૨)** આમ, સદર સાહેદની સરતપાસ ધ્યાને લેતાં, સદર સાહેદ બનાવ નજરે જોનાર સાહેદ છે તથા તેઓની બેન જયાબેનના માથાના ભાગે ડાબી સાઇડના ભાગે પાઇપથી ઇજા કરેલ હોવાની હકીકત જણાવેલ છે. તથા સદર સાહેદ બનાવમાં વપરાયેલ મુદ્દામાલ હથીયાર ઓળખી બતાવેલ નથી. તેમજ સદર સાહેદની આરોપીપક્ષ દ્વારા લેવામાં આવેલ ઉલટ તપાસ ધ્યાને લેતાં, તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, આ જયાબેનને તથા મોહનભાઇને મચ્છી વેચવાના ભાવ બાબતે અગાથી મનદુખો ચાલ્યા આવે છે. આમ, ઉપરોકત હકીકત ધ્યાને લેતાં, સદર સાહેદ બનાવ નજરે જોનાર સાહેદ છે પરંતુ સદર સાહેદની જુબાની પરથી આ કામના આરોપી નં.૨ નાએ

જયાબેનને માથાના ભાગે પાઈપ મારેલ હોવાની હકીકત જણાવેલ છે. આ અનુસંધાને, ફરિયાદીની જુબાની ધ્યાને લેવામાં આવે તો, તેઓએ આરોપી નં.૧ નાએ લોઢાનો પાઇપ મારી દિધેલ હોવાની હકીકત જણાવેલ છે. આમ, સદર સાહેદે આરોપી નં.૨ નાઓએ પાઈપથી ઈજા કરેલ હોવાની હકીકત જણાવેલ છે તેમજ નિવેદનમાં આરોપી નં.૧ નાોએ ઈજા કરેલ હોવાની હકીકત જણાવેલ છે. તે સંજોગોમાં સદર સાહેદની જુબાનીથી આરોપી નં.૧ નાઓએ કે આરોપી નં.૨ નાઓએ ફરિયાદી પર હુમલો કરેલ તે અંગો કોઈ સ્પષ્ટ હકીકત રેકર્ડ પર આવતી નથી. જેથી સદર સાહેદની જુબાનીથી ફરિયાદપક્ષનો કેસ પુરવાર થતો નથી.

(૧૪) ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી આંક–૪૨ થી સાહેદ પ્રતિપાલસિંહ જીલુભા રાણાને સોગંદ પર તપાસવામાં આવેલ છે. તેઓએ તેઓની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૨૦/૦૭/૨૦૨૪ ના રોજ તેઓ ઉપલેટા પો.સ્ટે.માં પી.એસ.ઓ.ના ચાર્જમાં હતા તે દરમ્યાન પો.હે.કો. એમ.એન.જાંબુકીયાનાઓએ પોતાના રૂબરૂની લીધેલ ફરિયાદ ગુનો રજીસ્ટર થવા રજુ કરતા સદરહુ ફરિયાદના આધારે તેઓએ બીએનએસએસ કલમ ૧૭૩ ના ફોર્મમાં ગુ.ર.નં.૦૫૦૧/૨૪ બીએનએસ કલમ ૧૧૫ (૨), ૧૧૮(૧), ૩૫૧(૩), ૫૪ તેમજ જી.પી.એ.કલમ ૧૩૫ મુજબ ગુનો રજી. કરી આગળની તપાસ ડેપ્યુટ હુકમથી પી.એસ.આઇ.શ્રી એસ.પી.ભટ્ટ સાહેબનાઓને સોંપેલી. તેમજ અસલ ડેપ્યુટ હુકમમાં પી.એસ.ઓ. તરીકે પોતાની સહી ઓળખી બતાવી આંક–૪૩ થી રજુ કરેલ છે. તેમજ ગુનો રજી.રિપોર્ટમાં પો.હે.કો. એમ.એન. જાંબુકીયાનાઓની સહી ઓળખી બતાવી આંક–૪૪ થી રજુ કરેલ છે. તેમજ સાહેદ આંક–૧૮ ની ફરિયાદ બતાવવામાં આવે છે તે જોઈને જણાવે છે કે તેના આધારે તેઓએ બીએનએસએસના ફોર્મમાં તથા તેઓને અસલ એફઆઈઆર બતાવવામાં આવે છે તે જોઈને કહે છે તેમાં તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે.

**(૧૪.૧)** આરોપી તરફેની ઊલટતપાસમાં તેઓ એ હકીકત સ્વીકારે છે કે, પી.એસ.ઓ.ના ચાર્જ દરમ્યાન કોઇ ફરિયાદ કે અરજી આવે તો તેને રિસીવ કરીને સ્વીકારવાની હોય છે. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, આ રિસીવ અરજીમાં સહી તારીખ તથા સમય નાખવાનો હોય છે. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, આંક–૧૮ વાળી ફરિયાદમાં તેઓએ આ ફરિયાદ સ્વીકાર્યા અંગેની તેઓની સહી કે તારીખ સમય લખાયેલ નથી. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, આંક–૧૮ વાળી ફરિયાદ તેઓને કઇ તારીખે અને કેટલા વાગે મળેલી તે તેઓ ના કહી શકે. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, આ કામના ફરિયાદીએ તેઓના રૂબરૂમાં આવીને કોઇ ફરિયાદ હકીકત લખાવેલ નથી. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, તેઓને બીએનએસએસ કલમ ૧૭૩ ના ફોર્મમાં ફરિયાદનો ઉતારો કરવા સિવાય બીજી કોઇ આ ફરિયાદને લગત જાત માહિતી નથી.

**(૧૪.૨)** આમ, સદર સાહેદની જુબાની પરથી તેઓએ કરેલ કામગીરીની હકીકત રેકર્ડ પર આવે છે. તથા તેઓ તેમ જણાવે છે કે, તેઓને બીએનએસએસ કલમ ૧૭૩ ના ફોર્મમાં ફરિયાદનો ઉતારો કરવા સિવાય બીજી કોઇ આ ફરિયાદને લગત જાત માહિતી નથી.આમ, ફરિયાદ દાખલ થયેલ હોવાનુ જણાય આવે છે.

**(૧૫)** ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી આંક–૪૬ થી ત.ક.અ. સંજયકુમાર પ્રહલાદભાઇ ભટ્ટને સોગંદ પર તપાસવામાં આવેલ છે. તેઓએ તેઓની સરતપાસમાં જણાવેલ છે કે, સને ૨૦૨૪ ની સાલમાં ઉપલેટા પો.સ્ટેમા તેઓ પી.એસ.આઈ તરીકે તેઓની ફરજ બજાવતા હતા ત્યારે ઉપલેટા પો.સ્ટે.ના ફરજ પરના પી.એસ.ઓ તરફથી ઉપલેટા પો.સ્ટે. ગુ.ર.નં. ૫૦૧/૨૦૨૪ બી.એન.એસ. કલમ ૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એક્ટ ૧૩૫ મુજબના ગુનાની તપાસ ડેપ્યુટ હુકમથી તેઓને સોપાયેલી, તપાસ સંભાળી લઇ, તેઓએ સ્થાનિક જગ્યાનુ પંચનામુ કરેલુ તેમજ આરોપી અટકનુ પંચનામુ કરેલુ તેમજ ભોગ બનનારના એમ.એલ.સી મેળવેલા અને સાહેદોના નિવેદન લીધેલા અને આરોપીઓ સામે પુરતો પુરાવો

હોય નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલુ. તેમજ સાહેદ આંક–૧૬ નુ હથીયાર કબજે કર્યાનુ પંચનામુ છે તે જોઇને કહે છે તેમા તેઓની સહી છે તથા પંચોની સહી છે જે ઓળખી બતાવે છે. જે પંચોના લખાવ્યા મુજબનુ તેઓએ લખેલુ. તેમજ સાહેદને સ્થાનીક જગ્યાનુ આંક–૨૯ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે તે જોયને કહે છે કે તેમા રુબરુ અમલદાર તરીકે તેઓની સહી છે તથા પંચોની સહી છે જે પંચોના લખાવ્યા મુજબનુ છે. તેમજ સાહેદને આંક–૧૮ વાળી ફરિયાદ બતાવવામાં આવે છે તે તેઓને તપાસના કામે મળેલ તે જ છે. તેમજ સાહેદને આંક–૪૩ નો ડેપ્યુટ હુકમ બતાવવામાં આવે છે તે તેઓને તપાસના કામે મળેલ તે જ છે.

(૧૫.૧) આરોપી તરફેની ઊલટતપાસમાં તેઓ એ હકીકત સ્વીકારે છે કે, આ કામના ફરિયાદીની ફરિયાદ તેઓના રૂબરૂમાં લેવાયેલ નથી. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, તપાસના કામે તૈયાર ફરિયાદ મળેલી જેના આધારે તેઓએ તપાસ કરેલી. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, તેઓને તપાસ મળ્યા બાદ તેઓએ આ કામના ફરિયાદીનુ તપાસના કામે કોઇ વિશેષ નિવેદન લીધેલ નથી. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, તેઓને જે તપાસના કામે તૈયાર ફરિયાદ મળેલી તેમા આ કામના ફરિયાદીએ ફરિયાદમાં પોતે ૧૦૦ રૂપિયામાં મચ્છી વેચે છે અને આરોપીઓ ૧૫૦ રૂપીયામાં મચ્છી વેચતા હોવાની કોઇ હકીકત ફરિયાદમાં લખાવેલ ન હતી. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, ફરિયાદીએ ફરિયાદમાં પોતાને બાર ટાકાઓ આવેલા હોવાની હકીકત પણ ફરિયાદીએ તેઓને મળેલ ફરિયાદમાં જણાવેલ નથી. તેઓ એ હકીકત સ્વીકારે છે કે,ફરિયાદી તથા આરોપીઓ એક જ જ્ઞાતિના અને એક જ કુટુંબના છે. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, ફરિયાદી તથા આરોપીઓને અવાર નવાર ધંધા બાબતે નાના મોટો મનદુખો અગાઉથી ચાલ્યા આવે છે. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, આ કામે તેઓએ ફરિયાદી તથા સાહેદ ભુપતભાઇ મુળુભાઇ મકવાણાના કોઇ લોહીવાળા કપડા તપાસના કામે મેળવેલ નથી. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, આ કામના ફરિયાદી ઉપલેટા મુકામે સારવાર લઇ ત્યાર

બાદ જુનાગઢ અને ત્યાર બાદ રાજકોટ સારવાર કરાવ્યા અંગેની કોઇ હકીકત તેઓની તપાસમાં ખુલવા પામેલ નથી. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, આ કામના ફરિયાદીએ હાલની ફરિયાદ બાર દિવસ મોડી કરવા અંગેનુ કોઈ ચોક્કસ કારણ તેઓની તપાસમાં ખુલેલ નથી કે ફરિયાદીએ ફરિયાદ મોડી કરવા અંગેનુ કારણ જણાવેલ નથી. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, સ્થા.જગ્યાનુ પંચનામુ તા.૨૦/૦૭/૨૦૨૪ના રોજ કરેલ છે. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, આ સ્થા.જગ્યાના પંચનામુ મુજબ કોઈ બનાવને લગત કોઈ નિશાન કે ચિન્હ પંચનામા મુજબ મળેલ નથી. અન્ય હકીકતોનો સાહેદે ઈન્કાર કરેલ છે.

**(૧૫.૨)** આમ, ઉપરોકત સાહેદની જુબાની ધ્યાને લેતાં, તેઓ સરતપાસમાં તેઓએ કરેલ કામગીરીની હકીકત જણાવે છે. તથા આરોપી પક્ષ દ્વારા લેવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, ફરિયાદી તથા આરોપીઓને અવાર નવાર ધંધા બાબતે નાના મોટો મનદુખો અગાઉથી ચાલ્યા આવે છે, તેઓએ ફરિયાદી તથા સાહેદ ભુપતભાઇ મુળુભાઇ મકવાણાના કોઇ લોહીવાળા કપડા તપાસના કામે મેળવેલ નથી, આ કામના ફરિયાદીએ હાલની ફરિયાદ બાર દિવસ મોડી કરવા અંગેનુ કોઈ ચોક્કસ કારણ તેઓની તપાસમાં ખુલેલ નથી કે ફરિયાદીએ ફરિયાદ મોડી કરવા અંગેનુ કારણ જણાવેલ નથી. આમ, ઉપરોકત સાહેદની જુબાની ધ્યાને લેવામાં આવે તો, ફરિયાદી તથા આરોપીઓને અગાઉથી મનદુખો ચાલ્યા આવતા હોવાની હકીકત રેકર્ડ પર સ્પષ્ટ આવેલ છે તથા હાલની ફરિયાદ બાર દિવસ મોડી કરવા અંગેનુ કોઇ ચોક્કસ કારણ રેકર્ડ પર આવી શકેલ નથી. વધુમાં, બનાવ સ્થળ જાહેર જગ્યા હોય સદર કામે આસાની સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોવા છતાં આ કામના ત.ક.અમલદાર દ્વારા સાહેદ ભુપતભાઇ સિવાય અન્ય કોઈ નજરે જોનાર સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. જેથી સદર સાહેદની જુબાનીથી ફરિયાદપક્ષનો કેસ પુરવાર થતો નથી.

(૧૬) ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી આંક–૫૧ થી સાહેદ ડો.મહેન્દ્રભાઇ અમૃતલાલ વાળાને સોગંદ પર તપાસવામાં આવેલ છે. તેઓએ તેઓની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૦૮/૦૭/૨૦૨૪ સમય સાંજના સાડા ચાર કલાકે તેઓ તેમની ફરજ પર હોય ત્યારે રાકેશભાઇ ધીરૂભાઇ ચુડાસમા એક દર્દીને સારવાર માટે લાવેલા જેમને પુછતા તેમને તેનુ નામ જયાબેન ધીરૂભાઇ ચુડાસમા ઉ.વ.૪૦ રહે.ઉપલેટા જણાવેલ તેમને પુછતા જયાબેને તેઓને એવો ઈતિહાસ આપેલ કે મારી સાથે મારામારી થયેલ છે તેમજ મને મચ્છી માર્કેટ ઉપલેટામાં મોહન મુળજીભાઇ મકવાણાએ માથામાં લોખંડનો પાઇપ મારેલ છે જેમને તપાસતા તેમને ડાબી બાજુ માથામાં કપાયેલો છુંદાયેલો ઘા આશરે ૫*૨ સેમીનો હતો જેમાથી તાજુ લોહી નીકળતુ હતુ. આ ઈજા આશરે ૧૦ થી ૧૫ દિવસમાં રૂજાય જાય તેવી હતી. આ ઈજા કોઇ બુઠ્ઠા તેમજ બોથડ પદાર્થથી સંભવીત થઇ શકે તેવી હતી. આ સાથે તેઓને કોર્ટમાં સર્ટી. બતાવવામાં આવે છે જે તેઓના હસ્તાક્ષરમાં છે જેમા તેઓની સહી અને હોસ્પીટલનુ સીલ લગાડેલ છે જે તેઓ ઓળખી બતાવે છે જે આંક–૫૨ થી રજુ કરેલ છે. તેઓ ચોકકસ પણે કહી ના શકુ કે કહેવાતી ઈજા લોખંડના પાઇપથી સંભવી શકે કે કેમ. સાહેદ જણાવે છે કે કોઈ પણ બોથડ પદાર્થથી થઇ શકે તે પ્રકારની ઈજા હતી.

(૧૬.૧) આરોપી તરફેની ઊલટતપાસમાં તેઓ એ હકીકત સ્વીકારે છે કે, હાલના દર્દી તેઓની પાસે જે સારવાર લેવા આવેલ હતા તે પોલીસ યાદી વગર તેઓની પાસે સારવાર લેવા આવેલ હતા. તેઓ એ હકીકત સ્વીકારે છે કે,હાલના દર્દી તેઓની પાસે સારવાર લેવા આવેલ ત્યારે તે સંપુર્ણ સભાવન અવસ્થામાં હતા. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, તેઓએ જે સારવાર સર્ટી.માં જણાવેલી ઈજા કોઇ વ્યકિત ધ્કકા મુક્કિમાં પડી જાય અને રોડ પર પડી જાય અને રોડ પર રહેલ પથ્થર જેવા બોથડ પદાર્થ વાગી જાય તો આવી ઈજા સંભવી શકે. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, હાલના દર્દીને ઈજા કયા ચોક્કસ કારણથી સંભવેલી છે તે તેઓ ના કહી શકે. તેઓ એ હકીકત સ્વીકારે છે કે,

હાલના દર્દીને તેઓએ જે સારવાર આપેલી તે ઈજા સામાન્ય પ્રકારની ઈજા હતી. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, હાલના દર્દીને તેઓએ સારવાર કરેલી ત્યારે દર્દીના ઈજા તથા સંજોગો જોતા અન્ય કોઈ હોસ્પીટલમાં રીફર કરવા પડે તેવા કોઇ સંજોગો તેઓને જણાયેલ ન હતા. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, આ ઈજા જોતા આ ઈજામાં ભવિષ્યમાં પણ કોઈ પણ જાતની તકલીફ થાય તેવા સંજોગો જણાય આવતા ન હતા. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, હાલના દર્દીને તેઓની પાસે ભુપતભાઈ મુળજીભાઈ મકવાણા નામની કોઈ વ્યકિત તેઓની પાસે સારવારમાં લઈ આવેલ નથી.

(૧૬.૨) આમ, ઉપરોકત સાહેદની જુબાની ધ્યાને લેતાં, તેઓ સરતપાસમાં ફરિયાદી જયાબેનને તેઓએ આપેલ સારવાર અંગેની હકીકત જણાવેલ છે તથા જયાબેનને ડાબી બાજુ માથામાં કપાયેલ છુંદાયેલો ઘાની ઈજા હોવાની હકીકત જણાવેલ છે તથા આ ઈજા કોઈ બુઠ્ઠા તેમજ બોથડ પદાર્થથી સંભવીત થઈ શકે તે પ્રકારની હોવાનુ જણાવેલ છે. પરંતુ, આરોપીપક્ષેની ઉલટ તપાસમાં તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, તેઓએ જે સારવાર સર્ટી.માં જણાવેલી ઈજા કોઈ વ્યકિત ધક્કા મુક્કીમાં પડી જાય અને રોડ પર પડી જાય અને રોડ પર રહેલ પથ્થર જેવા બોથડ પદાર્થ વાગી જાય તો આવી ઈજા સંભવી શકે, હાલના દર્દીને ઈજા કયા ચોક્કસ કારણથી સંભવેલી છે તે તેઓ ના કહી શકે. આમ, ઉપરોકત હકીકત ધ્યાને લેતાં, આ કામના ફરિયાદીને ઈજા થયેલ હોવાની હકીકત રેકર્ડ પર આવેલ છે પરંતુ, ફરિયાદી તથા બનાવ નજરે જોનાર એકમાત્ર સાહેદ ભુપતભાઈની જુબાની ધ્યાને લેતાં, જયારે આ કામના કયા આરોપી દ્વારા ફરિયાદીને પાઈપ વડે ઈજા કરવામાં આવેલ તેવી કોઈ ચોક્કસ હકીકત રેકર્ડ પર આવી શકેલ ન હોય ત્યારે સદર સાહેદની જુબાની પરથી ફરિયાદપક્ષના કેસની હકીકતો પુરવાર થતી નથી.

(૧૭) ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી આંક-૫૯ થી સાહેદ ડો.રીનાબેન મયુરેશકુમાર પારીકાને સોગંદ પર તપાસવામાં આવેલ છે. તેઓએ તેઓની સરતપાસમાં જણાવેલ છે કે, તા.

૧૫/૦૭/૨૦૨૪ના રોજ સવારના ૧૧.૪૨ વાગે જયાબેન ધીરૂભાઈ નામના દર્દી મેહુલભાઈ સાથે જુનાગઢથી રીફર થઈને પીડીયુ હોસ્પીટલ રાજકોટ ખાતે વધુ સારવાર માટે આવેલા. તેઓએ હીસ્ટ્રીમાં જણાવેલ કે સાત લોકોએ મોહન મુળજીભાઈ, નીશા મોહન, કાના જેઠાભાઈ, સંજય જેઠાભાઈ, રેખાબેન કાનાભાઈ, ગૌરીબેન જેઠાભાઈ પાઈપ અને લાકડીથી તા.૦૮/૦૭/૨૦૨૪ ના રોજે સાંજના ૦૪.૧૫ વાગે માછી માર્કેટ ઉપલેટામાં માર મારેલ છે. તેઓને માથાના આગળ અને મધ્યના ભાગે સ્ટીચ લીધેલ ઘા હતો. જુનાગઢની રીફર નોટમાં માથાનો સીટી સ્કેન નોર્મલ બતાવેલ હતો. તેમને સામાન્ય પ્રકારની ઈજા હતી. તેમને સર્જી. વોર્ડમાં દાખલ કરવામાં આવેલ હતા. ત્યાંથી તા. ૧૫/૦૭/૨૪ ના ૦૫.૪૦ પી.એમ. વાગે રજા લઈને ડો.ની સલાહ વિરૂધ્ધ જતા રહેલા. તેઓને ફેરબદલી ફોર્મ બતાવવામાં આવે છે તે જોઈને જણાવે છે કે તે દર્દી સાથે લાવેલ તે જ છે જે આંક–૬૦ થી રજુ કરેલ છે. તેમજ સાહેદને એમ.એલ.સી. કેસ રજી. ફોર્મ બતાવવામાં આવે છે તે જોઈને જણાવે છે કે સદર દર્દીનું છે જે આંક–૬૧ થી રજુ કરેલ છે. તેમજ સાહેદને એમ.એલ.સી. સર્ટી. બતાવવામાં આવે છે જે જોઈને જણાવે છે કે, જે તેઓના હસ્તાક્ષરમાં છે જેમાં તેઓની સહી છે જે તેઓ ઓળખે છે જે આંક–૬૨ થી રજુ કરેલ છે. તેઓના મત મુજબ આ ઘા ટાંકા લીધેલ હતો જેથી આ ઈજા કેવી રીતે થઈ શકે તે તેઓ કહી ન શકે. જો કોઈ કોમ્પ્લીકેશન ન આવે તો સાત દીવસમાં સારૂ થઈ શકે.

(૧૭.૧) આરોપી તરફેની ઊલટતપાસમાં તેઓ એ હકીકત સ્વીકારે છે કે, સામાન્ય સંજોગોમાં કોઇ દર્દી આવે તો તેમની પ્રાથમીક તપાસમાં પલ્સ, બીપી, હાર્ટબીટ વગેરે તપાસવાનુ હોય છે. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, તેઓએ આપેલ એમ.એલ.સી. સર્ટી.માં પ્રાથમીક તપાસ અંગેની વિગત જણાવેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, ઓ.પી.ડી. પેપર્સમાં વિગત લખેલ છે. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, તેઓએ આપેલ એમ.એલ.સી. સર્ટી.માં ઈજા પર પાટો હતો કે કેમ તેની વિગત તેઓએ જણાવેલ નથી. તેઓ એ હકીકત સ્વીકારે છે કે,

સદર દર્દીને દેખીતી ઈજાની માપસાઈઝ પણ તેઓએ એમ.એલ.સી. સર્ટી.માં જણાવેલ નથી.

(૧૭.૨) આમ, ઉપરોકત સાહેદની જુબાની ધ્યાને લેતાં, તેઓ સરતપાસમાં તેઓએ કરેલ સારવાર અંગેની હકીકત જણાવેલ છે. તથા એમ પણ જણાવેલ છે કે, ફરિયાદીને માથાના આગળ અને મધ્યના ભાગે સ્ટીચ લીધેલ ઘા હતો તથા તેઓના મત મુજબ આ ઘા ટાંકા લીધેલ હતો જેથી આ ઈજા કેવી રીતે થઈ શકે તે તેઓ કહી ન શકે. આમ, ઉપરોકત સાહેદની જુબાની પરથી ફરિયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન પ્રાપ્ત થતુ નથી.

(૧૮) ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી આંક–૬૩ થી સાહેદ ડો.કમુબેન ડાયાલાલ સાગઠીયાને સોગંદ પર તપાસવામાં આવેલ છે. તેઓએ તેઓની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૦૯/૦૭/૨૦૨૪ના સવારના ૧૧.૨૦ વાગે જયારે તેઓ સિવીલ હોસ્પીટલ જુનાગઢ ખાતે ફરજ બજાવતા હતા. ત્યારે જયાબેન ધીરૂભાઈ ચુડાસમા ઉ.વ. ૪૨, ગામ ઉપલેટાવાળાને તેમના સગા સી.એચ.સી. ઉપલેટાની રીફર યાદી વિના સારવાર માટે આવેલ, જેમને પુછતા દર્દીએ પોતે હીસ્ટ્રીમાં જણાવેલ કે, મોહન અને તેની પત્નીએ પાઈપ મારેલ તથા બીજા અન્ય વ્યકતી હતા. બનાવ ગઈ કાલે બપોરે ૦૪.૩૦ વાગે ઉપલેટા બનેલો. જેને તપાસતા એક ટાંકો લીધેલો ભાગ, માથામાં ડાબી બાજુ આગળના ભાગે કે જેને ફ્રન્ટલ રીઝન કહેવાય ત્યાં હતો. જે ૦૪ સેમી લંબાઈનો હતો. દર્દી સંપુર્ણ ભાનમાં હતો. તેના નાડીના ધબકારા અને લોહીનું દબાણ સામાન્ય હતુ અને ઉલટીની ફરીયાદ કરતા હતા. ઉપરોકત દર્દીને ટ્રોમા વોર્ડમાં દાખલ કરવામાં આવેલા અને વોર્ડના ડોકટર દ્વારા તેના મગજનું સીટી સ્કેન કરવામા આવેલ, જે સામાન્ય હતું, અને તેના પેટની સોનોગ્રોફી કરવામાં આવેલ, જેમાં ડાબી બાજુની કીડનીમાં પથરી હતી. ઉપરોકત દર્દીને તે દીવસે દાખલ કર્યા બાદ તા. ૧૩/૦૭/૨૦૨૪ ના રાજકોટ સીવીલ હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવેલ હતા. ઉપરોકત ઘા ટાંકા લીધેલ હોવાથી તે કયા હથીયાર વડે થઈ શકે તે અંગેનો

અભીપ્રાય સી.એચ.સી. ઉપલેટાના ડોકટર આપી શકે. આ દર્દીને રાજકોટ સીવીલ હોસ્પીટલમાં રીફર કરેલ હોવાથી તેનો ઘા ક્યારે રૂઝાઈ શકે તે અંગેનો અભીપ્રાય તેઓ આપી શકે નહી. તેઓને એમ.એલ.સી.ની ખરી નકલ બતાવવામાં આવે છે તે જોઈને જણાવે છે કે તે સર્ટીફીકેટ તેઓના હસ્તાક્ષરમાં છે તેમજ તેમાં તેઓની સહી છે.જે આંક–૬૪ થી રજુ કરેલ છે.

(૧૮.૧) આરોપી તરફેની ઊલટતપાસમાં તેઓ એ હકીકત સ્વીકારે છે કે, કોઈ પણ દર્દી અગાઉ અન્ય કોઈ હોસ્પીટલમાંથી સારવાર મેળવીને તેઓની હોસ્પીટલમાં આવે તો તે અગાઉ જે હોસ્પીટલમાં સારવાર લીધેલ છે તે હોસ્પીટલની રિફર નોટ અથવા તો યાદી લઈને આવેલા હોય તો તેઓને માલુમ પડી શકે કે દર્દી કેવા પ્રકારની સારવાર લઈને તેઓની હોસ્પીટલમાં આવેલ છે. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, હાલના દર્દી કોઈ રિફર નોટ કે યાદી સાથે આવેલ ન હોય જેથી તે અગાઉ કેવી સારવાર મેળવીને આવેલા છે તે તેઓ ન કહી શકે. તેઓ એ હકીકત સ્વીકારે છે કે,તેઓએ જે સરતપાસમાં ટાકા લીધેલ જે ઈજા જણાવેલ છે તે ઈજા કેવા પ્રકારની અને કેટલી જુની હતી તે તેઓ ચોક્કસપણે ન કહી શકે. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, હાલના દર્દીના માથાના સીટી સ્કેનનો રિપોર્ટ નોમર્લ આવેલ છે. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, હાલના દર્દીની ઈજા કયા ચોક્કસ કારણથી સંભવેલ છે તે તેઓ ન કહી શકે. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, કોઈ પણ વ્યકિતને કિડનીમાં સ્ટોન(પથરી) ની બીમારી હોય તો તે ઉલ્ટી, ઉબકાની ફરિયાદ કરી શકે છે. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, હાલના દર્દીના પેટની સોનોગ્રાફીના રિપોર્ટમાં ડાબી બાજુની કિડનીમાં સ્ટોન(પથરી) જણાય આવેલ છે. તેઓ એ હકીકત સ્વીકારે છે કે,ચક્કર આવવાની સમસ્યા અમુક દર્દીઓમા લાંબા સમયની મુસાફરી કર્યા બાદ પણ આવી શકે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, તે દર્દીને ચાર દિવસ હોસ્પીટલાઈઝડ હતા તે સમય દરમ્યાન સતત ચક્કર આવતા હતા.

(૧૮.૨) આમ, ઉપરોકત સાહેદની જુબાની ધ્યાને લેતાં, તેઓ સરતપાસમાં તેઓએ કરેલ સારવાર અંગેની હકીકત જણાવેલ છે. તથા એમ પણ જણાવેલ છે કે, ફરિયાદીને માથામાં ડાબી બાજુ આગળના ભાગે કે જેને ફ્ન્ટલ રીઝન કહેવાય ત્યાં એક ટાકો લીધેલ ભાગ હતો, તથા ઉપરોકત ઘા ટાંકા લીધેલ હોવાથી તે કયા હથીયાર વડે થઇ શકે તે અંગેનો અભિપ્રાય સી.એચ.સી. ઉપલેટાના ડોકટર આપી શકે. તથા આરોપી તરફેની ઉલટ તપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે, તેઓએ જે સરતપાસમાં ટાકા લીધેલ જે ઈજા જણાવેલ છે તે ઈજા કેવા પ્રકારની અને કેટલી જુની હતી તે તેઓ ચોક્કસપણે ન કહી શકે, હાલના દર્દીની ઈજા કયા ચોક્કસ કારણથી સંભવેલ છે તે તેઓ ન કહી શકે. આમ, ઉપરોકત હકીકત ધ્યાને લેતાં, આ કામના ફરિયાદીને ઈજા થયેલ હોવાની હકીકત રેકર્ડ પર આવેલ છે પરંતુ, ફરિયાદી તથા બનાવ નજરે જોનાર એકમાત્ર સાહેદ ભુપતભાઈની જુબાની ધ્યાને લેતાં, જયારે આ કામના કયા આરોપી દ્વારા ફરિયાદીને પાઈપ વડે ઈજા કરવામાં આવેલ તેવી કોઈ ચોક્કસ હકીકત રેકર્ડ પર આવી શકેલ ન હોય ત્યારે સદર સાહેદની જુબાની પરથી ફરિયાદપક્ષના કેસની હકીકતો પુરવાર થતી નથી.

(૧૯) આમ, ફરિયાદપક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લેતાં, આંક–૧૭ થી રજુ ફરિયાદીની જુબાની, આંક–૧૮ થી રજુ ફરિયાદ, આંક–૧૬ થી રજુ હથીયાર કબજે કર્યાનુ પંચનામુ, આંક–૨૯ થી રજુ સ્થા.જગ્યાનુ પંચનામુ, આંક–૪૧ થી રજુ સાહેદ ભુપતભાઈની જુબાની, આંક–૪૩ થી રજુ ડેપ્યુટ હુકમ, આંક–૪૪ થી રજુ ગુનો રજી.ફોર્મ, આંક–૫૧ થી રજુ સાહેદ ડો.મહેન્દ્રભાઈની જુબાની, આંક–૫૨ થી રજુ સારવાર સર્ટી., આંક–૫૯ થી રજુ સાહેદ ડો.રિનાબેનની જુબાની, આંક–૬૦ થી ફેરબદલી ફોર્મ, આંક–૬૧ થી રજુ કેસ રજીસ્ટર, આંક–૬૨ થી રજુ એમ.એલ.સી. સર્ટી., આંક–૬૩ થી રજુ ડો.કમુબેનની જુબાની તેમજ આક–૬૪ થી રજુ સારવાર સર્ટી. ધ્યાને લેતાં, ફરિયાદપક્ષ ફરિયાદીને માથાના ભાગે ગંભીર ઈજા થયેલ હોવાનુ પુરવાર થાય છે. પરંતુ, આંક–૧૭ થી ફરિયાદની જુબાની

તથા આક–૧૮ થી રજુ ફરિયાદ ધ્યાને લેતાં કેટલાક વિરોધાભાસ જણાય આવે છે. ફરિયાદીની ફરિયાદ મુજબ આરોપી સાથે મચ્છી ઓછા રૂપીયામાં વેચવા બાબતે બોલાચાલી થયેલ હતી અને આરોપી નં.૧ નાઓએ ફરિયાદીને માથામાં લોખંડનો પાઇપ મારતા ફરિયાદી નીચે જમીન પર પડી ગયેલ અને આરોપી નં.૨ નાઓએ ફરિયાદીને ઢિકાપાટુનો માર મારેલ અને આ બન્ને ત્યાથી જતા રહેલ બાદ થોડી વાર પછી આરોપી નં.૩ થી ૫ નાઓ આવેલ અને ફરિયાદીને ઢિકાપાટુનો માર મારતા લોકો ભેગા થઇ જતા ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોવાની હકીકત જણાવેલ છે. આંક–૪૧ થી બનાવ નજરે જોનાર સાહેદની જુબાની ધ્યાને લેતાં, આરોપી નં.૨ નાઓએ ફરિયાદીને માથાના ભાગે પાઇપથી ઈજા કરેલ હોવાની હકીકત જણાવેલ છે પરંતુ તે સિવાય અન્ય કોઇ હકીકત જણાવેલ નથી. વધુમાં, સાહેદ ભુપતભાઇ પોતાની જુબાનીમાં ફરિયાદી તથા આરોપી વચ્ચે મચ્છી વેચવાના ભાવ બાબતે અગાઉથી મનદુખ ચાલતુ હોવાની હકીકત સ્વીકાર કરેલ છે. તે સંજોગોમાં હાલનો બનાવ કઇ રીતે બનેલ તે અંગે ફરિયાદપક્ષના પુરાવામાં વિરોધાભાસ જણાય આવે છે. વધુમાં, ફરિયાદી તેમજ નજરે જોનાર સાહેદે મુદ્દામાલ હથિયાર ઓળખી બતાવેલ નથી. તેમજ ફરિયાદપક્ષે તપાસવામાં આવેલ પંચો હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે. તે સંજોગોમાં પંચનામાની હકીકતો પુરવાર થયેલી માની શકાય નહી. ફરિયાદપક્ષે તપાસવામાં આવેલ અન્ય સાહેદોની જુબાની ધ્યાને લેતાં, તેઓએ બનાવ નજરે જોયેલ ન હોવાનુ તેમજ બનાવ અંગે પાછળથી જાણવા મળેલ હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. વધુમાં, ફરિયાદપક્ષે સદર બનાવવાળી જગ્યા જાહેર સ્થળ હોવા છતાં અન્ય કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદન લેવામાં આવેલ નથી કે ફરિયાદપક્ષે તેઓને તપાસવામાં આવેલ નથી. તે સંજોગોમાં ફરિયાદીને માથામાં થયેલ ઈજા હાલના આરોપીઓએ કરેલ હુમલામાં થયેલ હોવાનુ પુરવાર થતુ નથી.

આમ, ફરિયાદીની જુબાનીનેની કોઇ સ્વતંત્ર સાહેદની જુબાનીથી સમર્થન મળતુ નથી. જેથી જયાં સુધી બનાવ હાલના આરોપીઓએ કરેલ હુમલાથી ઈજા થયેલ હોય તે ફરિયાદપક્ષના પુરાવાથી નિઃશંકપણે પ્રસ્થાપિત થવુ જોઇએ અને ત્યાર બાદ અન્ય આવશ્યક તત્ત્વો સાબિત થવા જોઇએ જેથી બનાવ આરોપીઓએ કરેલ હુમલાથી થયેલ ઈજાથી બન્યો હોવાનુ પ્રસ્થાપિત થતુ નથી.

**(૨૦)** આમ, ઉપરોક્ત કરેલ ચર્ચા તથા રેકર્ડ પરના પુરાવા ધ્યાને લેતાં, તેમજ બી.એન.એસ.ની કલમ–૧૧૫(૨), ૧૧૮(૧) ના તત્ત્વો જોતાં, આ કામના આરોપીઓએ ફરિયાદીને કોઈપણ પ્રકારની શારીરિક પીડા, રોગ કે અશક્તિ નિપજાવ્યા હોય તથા આવું કૃત્ય આરોપીએ વ્યથા કરવાના ઈરાદે અથવા વ્યથા થવાનો સંભવ છે તેવા જ્ઞાન સાથે એટલે કે સ્વેચ્છાપુર્વક કર્યુ હતું, તેવી કોઈ હકીકત રેકર્ડ પર નિઃશંકપણે ઉભરી આવતી નથી. આમ, ઈબી.એન.એસ.ની કલમ–૧૧૫(૨), ૧૧૮(૧) મુજબના ગુનાના તત્ત્વો ફરિયાદપક્ષના પુરાવાથી સંતોષાતા નથી.

**(૨૧)** વધુમાં, આ કામે આરોપીઓ વિરુદ્ધ બી.એન.એસ.ની કલમ–૩૫૧(૩) મુજબનો ગુનાનો આક્ષેપ છે. પરંતુ હાલની ફરિયાદ સિવાય બનાવ બાદ આ કામના આરોપી વિરુદ્ધ હાલના કામના ફરિયાદી દ્વારા અન્ય કોઈ ફરિયાદ કે કેસ કરવામાં આવેલ હોય તેવું કાંઈ રેકર્ડ પરથી જણાઈ આવતું નથી. આમ, ફરિયાદીને આરોપીથી સતત જાનનો ભય હોય તે બાબતે કોઇ આધારભુત પુરાવો રજૂ કરેલ નથી. આમ, ફરિયાદીને આરોપીથી ડર હોય કે ભય હોય અને તેના લીધે તેમનુ જીવવુ દુષ્કર થઇ ગયેલ હોય અને સતત તેમને ભયના ઓથાર નીચે જીવવુ પડતુ હોય તેઓને ઘર છોડવાનો વખત આવ્યો હોય તેવો કોઇ પુરાવો ફરિયાદી કે સાહેદોએ રજૂ કરેલ નથી. આમ, બી.એન.એસ. કલમ–૩૫૧(૩) મુજબના ગુનાના તત્ત્વો ફરિયાદપક્ષના પુરાવાથી સંતોષાતા નથી.

**(૨૨)** વધુમાં, આરોપીઓ વિરુદ્ધ જી.પી.એકટ–૧૩૫ મુજબના ગુનાનો આક્ષેપ છે. પરંતુ બનાવ સમયે અને સ્થળે હથિયારબંધીનું જાહેરનામું

અમલમાં હોય તેવો કોઈ સ્પષ્ટ અને સચોટ પુરાવો રજૂ થયેલ નથી. આથી સદરહુ જાહેરનામું બનાવ સમયે અમલમાં હતુ કે કેમ? અને અમલમાં હતુ તો તેની યોગ્ય જાણકારી કરવામાં આવેલ હતી કે કેમ? તે સાબિત થતું નથી. આવા સંજોગોમાં આરોપીઓને જી.પી.એકટની કલમ–૧૩૫નાં ગુના સબબ તકસીવાર ઠરાવી શકાય તેમ નથી.

**(૨૩)** આમ, ઉપર કરેલ ચર્ચા તેમજ આ કામે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા તથા ફરિયાદી તથા સાહેદો તથા તપાસ કરનાર અમલદારનો પુરાવો વંચાણે લેતાં, સદરહુ કામે ફરિયાદી તથા સાહેદોના પુરાવામાં મહત્ત્વનો વિરોધાભાસ આવે છે; આમ, ફરિયાદપક્ષ બી.એન.એસ. કલમ–૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબના તત્વો પુરવાર કરી શકેલ નથી. આમ, નામદાર સુપ્રીમ કોર્ટના ઘણા ચુકાદા મુજબ જ્યારે ભોગ બનનારના પુરાવાની વિશ્વસનીયતા અંગે શંકા ઉત્પન્ન થતી હોય અને તે શંકાનુ સમાધાન કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ નિવડે ત્યારે સદર શંકાનો લાભ આરોપીઓને આપવો જોઇએ. જેથી મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં. ૨ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવા આવે છે.

## //હુકમ//

- આથી આ કામના આરોપી નં. (૧) મોહનભાઇ મુળુભાઇ મકવાણા તથા નં. (૨) નિશાબેન વા/ઓ મોહનભાઈ મકવાણા તથા નં. (૩) રેખાબેન વા/ઓ કાનાભાઇ મકવાણા તથા નં. (૪) કાનાભાઇ જેઠાભાઇ મકવાણા તથા નં. (૫) સંજયભાઇ જેઠાભાઇ મકવાણા, બધા રહે.મચ્છી માર્કેટ પાસે, ઉપલેટા, જિ.રાજકોટનાઓને બી.એન.એસ.એસ. કલમ–કલમ–૨૭૧(૧) અન્વયે તેઓની સામે ઉપલેટા પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુના રજિસ્ટર નં.૦૫૦૧/૨૦૨૪ થી નોંધાયેલ ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ની કલમ–૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫

મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

- બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ હેઠળ આરોપીઓને એવો હુકમ કરવામાં આવે છે કે આજથી છ માસ સુધીમાં તેઓને નામદાર સેશન્સ કોર્ટ, ધોરાજી અગર નામદાર ગુજરાત હાઇકોર્ટ સમક્ષ રજૂ થવા આદેશ આપવામાં આવે તો તેઓએ હાજર રહેવા અંગે અત્રેની કોર્ટમાં પ્રત્યેક આરોપીએ રૂ.૨૦,૦૦૦/–(અંકે રૂપિયા વીસ હજાર પુરા)ના સદ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજૂ કરવા.
- આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ આર્ટિકલ નં.૧ એક લોખંડની પાઈપનો અપીલ સમય બાદ નાશ કરવો.

**સદરહુ હુકમ આજરોજ તારીખઃ૦૮, માહેઃજુન, સનેઃ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

**તારીખઃ ૦૮/૦૬/૨૦૨૬.**
**મુકામઃ ઉપલેટા.**

**(પ્રિયાબેન પ્રકાશચંદ્ર કાલા)**
**જ્યુડી. મૅજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,**
**ઉપલેટા**
**UIC-GJ01761**

Typed by:- A.J.Solanki,
Gujarati Stenographer Grade-3.